श्रीजगदीश्वरायनमं.

# પ્રિયદર્શિકા.

---

(૧)

દેવિ પાર્વતી ! આપ સન્મતિ, હામ, દામ, ઠામ, સાથ દે રૂડી ગ[
મઘ્રધૂમ આંખમાંન, લગ્નને સમે ભરાય,
તેથકી વ્યાકુળ થાય, નેત્ર બે અતિ. દેવિ૦
પણ શશીનાં કિરણ જોય, શાંતિ સઘ પાછી હોય;
મુખ નિહાળે હરનું, વિરંચિથી લાજતી. દેવિ૦
નીચું જોતી લાજ પામી, સ્વર્ણુંદી શિરે વિરામી;
નખમાં પડ્યું પ્રતિબિંબ, તેથી કોપતી. દેવિ
તના મેળાપ સમે, સ્પર્શથી રોમાંચ થાય,
એમ વિવિધ ભાવવાળી, ગૌરી ઘો રતિ. દેવિ૦

(૨)

નિપુણુ કવિ શ્રીહર્ષદેવ છે, સભા બધી ગુણધારી;
વત્સરાજનું ચરિત મનોહર, સામગ્રી સહુ સારી,
ચતુરાઈ છે ભારી, નાટકમાંહી અમારી.
એક એક વસ્તુ છે એવી, વાં ન ફળ દેનારી;

ભાગ્ય અગારાંથી મળી આવી, સર્વ સંપત્તિ સારી,
ચતુરાઇ છે ભારી, નાટકમાંહી અનારી.

( ૩ )

ી આ જીંદગી, તેજ શર્મીંદગી, નિત્યની મંદગી, ઝાળ તેની ઝગી.
લાંબી આ જીંદગી૦
:ખી રાજા થયો, દેશ મેં છોડિયો, દુઃખની વાડિયો, હાય! અંતે ધગી.
લાંબી આ જીંદગી૦
જનો ભોગ ક્યાં, બંધુનો યોગ ક્યાં, દેહ આરોગ્ય ક્યાં, ફેલ ત્યજે ઠગી.
લાંબી આ જીંદગી૦
ગે આ ચટપટો, ઝાઝી ત્યાં ખટપટો, નાનબે લટપટો, દિલ જાયે ડગી.
લાંબી આ જીંદગી૦

( ૪ )

વત્સરાજ પેઠ સૂર્ય ભાગ પામિયો. વત્સ૦
કન્યકા ગ્રહી તુલ્ય કલા કલાપ નામિયો,
સઘન કેદખેદ છેદી ભેદી વામિયો ! વત્સ૦

( ૫ )

બુદ્ધિ મંત્રીની જોઇ, નોકરતણી દીઠી વફાદારી મેં,
મિત્રોનું કર્યું મેં પરીક્ષણ, રતી પૈગાતણી ધારી મેં;
સંગ્રામે ચઢવાની હામ સઘળી પૂરી થઇ આ મળી;
ચોખ્ખા ધર્મની પેઠ બંધનથકી શું શું શકયો ના રળી ?

( ૬ )

દોષ દેખેછે કેદખાને, ગુણો તું રાણીતણા ન જાણે;
ન તું અંધકાર દેખે, પ્રકાશ મુખચંદ્રનો ન માણે.
। દીઠી લોહ બેડિ ં, ન પ્રેમની સાર બેડિયો તેં;

સિપાઈની બારી ગેડિગો તેં, કટાક્ષ તેના ન તું પ્રમાણે. ૫

કઠોર સુણી સિપાઇ કાંણી, મધુર તેની સુણી ન વાણી;
કશા ગુણો ના શકયો પિછાણી, તું મૂર્ખ શાનો વિચાર આણે? ૬

( ૭ )

નિકળ્યા કદી તરત પણ, ગુના' વિના જયમ ગુનો' કર્યો હોય;
ત્યમ શંકા મન થાયે, રાજા પાસે જવા કરે કોય?

( ૮ )

કચ્ચરઘાણ વાળી જાણ કીધી હાણ ને હેરાન,
પ્યાદળ સામે ધાઇ, કીધા રાનોરાન;
હાથે ધારી તીર કમાન, લીધા અસ્વારોના જાન;
હથિયારોનાં તાન, તોડયાં છે તુમાન.
કાંપે કેકોકેરાં પન, હાથીકેરાં તોડયાં તન,
એવી રીતે એક, લીધું સૌનું માન;
કાપ્યાં માથાં કાપ્યા હાથ, કાપ્યા બાથા કાપી નાથ;
હથિયારોનાં તાન, તોડયાં છે તુમાન.
આખું લશ્કર કાપ્યું એમ, પોતે વિંધાયો છે તેમ,
વાગ્યા ઘણા ઘાવ, પછે ભૂલ્યો ભાન;
થાકયો કાપી કાપી સેન, આખી રાખી એણે એન,
આખર પડયો આપ, એવો ખાનદાન. કચ્ચરઘાણ૦

( ૯ )

સ્નાન મંગળમાટ લાવી, પાણી શાણી કામની,
સ્નાનભૂમિ મધ્ય મૂકયું, જાણી શાણી કામની.
થાયછે આયાસ તેથી, પરસ ઉડી જાયછે,
એવી પરથી [illegible] શાણી કામની.

ગૌર સ્તન પર સૂરકેરૂં, નૂર ચળકેછે ભલું,
જેમ સોનાના ઘડાથી, શોભિતી છે કામની. સ્નાન.

સ્નાન ભૂના જે ઘડા, સોનાતણા શોભી રહ્યા,
તે ઉડી વળગ્યા શકે, એવી દીસેછે કામની. સ્નાન.

( ૧૦ )

તાપ સૂરજને બહુ ભારી, ઉકળેછે તલાવનું વારિ,
તેમાં માછલીઓ બિચારી, દીઠી તરફડતી જો ધારી:
દુ:ખકારી, બહુ ન્યારી, અતિ ભારી, વધનારી. તાપ સૂરજનો૦

મોર પીંછતણું છત્ર ધારી, રહ્યા જોને નાગ વિસારી!
હરણાં વનમાંથી હારી, આવ્યાં વૃક્ષની છાય વિચારી,
ફરનારી, જળકયારી, હરનારી, પ્યાસ ભારી. તાપ સૂરજનો૦

તજી ભમરા મદનું વારિ, ઉડી જાય કપોળથી હારી,
પેસે કાનની છાય વિચારી, એવી ગભ્યાન્હ વેળા અકારી;
બલિહારી, માનું ભારી, જગધારી, લીલા તારી. તાપ સૂરજનો૦

( ૧૧ )

રે તનક તનક તા થઇયાં, હા તા તા તા તા થઇયાં;
ને છતનાં છોરૂં ઠેયાં, આખર રહેશે આ ડઇયાં. રે૦

ઠીક થનક થનક કર અહિંયાં, પણ છેલ્લે એસે બઇયાં;
છે ધગધગતી આ ધઇયાં, શું જાણુ જુવાની ગઇયાં. રે૦

રખે હરખે સુત મઇયાં, ઉછળે ઉંચાં અતિ હઇયાં;
ત્યાગીનાર બલઇયાં, રે' ભુંડી રડી ભલઇયાં. રે૦

ઘડી જોય છલઇયાં, શું ઝબકાર વિચ ઝલઇયાં;
ાં જે છઇયાં, તે [illegible] ગાશે તઇયાં. રે૦

સારીગમપધનીસા સઇયાં, સાનિધપમગરીસા કહિયાં;
પ્રેમે પૂરાયાં હઈયાં, લીલાં પીળાં નવ લહિયાં. રે૦

( ૧૨ )

રૂમઝુમરૂમઝુમ છુમ છુમછુમ રૂમઝુમ રૂમઝુમ,
સંગીત રીત થાયેરી.
ત્રકડથુંમ ત્રકડથુંમ મૃદંગ ગાજે, છુમ છનનનનન ઘુઘરૂ વાજે;
ચંગ થાયે કીંગ કીંગ કીંગ કીંગ,
ગાજતી નોબત ધીધીકટ તકધા, ધીધીકટતકધા, ધીધીકટતકધા,
તાતા થૈથૈ નાચે, નાધીંધીન્ના રાચે, બંદી યશ ગાયેરી.
રૂમઝુમ૦

ઝણુકે ખંજરી ઝનનનનન, ગરજે ઝાલર ગનનનનન;
ડમરૂ વાગે ડનનનનન, કાનુન કડકે કનનનનન;
સીતાર તાઉસને તંબુર, કરે અનુપમ સાતે સુર;
તનમાં અમારી આનંદ ભારી, ઈશનામથી કષ્ટ સહુ જાએરી.
રૂમઝુમ૦

( ૧૩ )

શ્યામ અંગ, રંગ પાંડુ, મંદ મંદ બોલતી;
કાળી કંઠી કંઠમાં અખંડ નેહ ખોલતી. શ્યા'
પ્રીતિની દશા પેહેલી, તુલ્ય પ્રેમ તોલતી;
નીમ ધારી આચરી વ્રતાદિ દેહ ડોલતી.
હું બન્યો અધીર ધીર પ્યારી મારી પેખવા;
ભાન તાન બાન ભૂલી, અંગ રંગ ચોળતી.

( ૧૪ )

નાનાં કોમળ પત્રે ઢાંકયાં સેવંતીનાં દીઠાં યાર,
ગજ મદનો આમોદ ભૂલાવે સપ્તપર્ણનો સુગંધ સાર;
ખીલ્યાં કમળ વિષે આળોટી પરાગથી પીળી થઇ કાય,
મધુપાનથી મત્ત થએલા જો આ ભમરા મધુરૂં ગાય ।

( ૧૫ )

પુષ્પ કોમળ શિરિષના ભૂમિ વિષે પથરઇ ગયા,
ઘાસ રૂડું તેમ શોભે સ્થાન તેથી ભરાઈ ગયા; પુષ્પ૦
ભૂમિ કરી જળ છાંટીને સુંદર ચળકતી શોભતી,
મરકત મણિ જળધાર પડવાથકી જયમ ધોવઇ ગયા; પુષ્પ૦
ફૂલ આ બંધૂકકેરાં લાલ વેરાયા બધે,
ઇંદ્રગોપ અનેક આવી જેગ અત્ર ભરાઈ ગયા પુષ્પ૦

( ૧૬ )

અરે ઓ દૈવ દુખ દેતાં ન તે કાંઈ કસર રાખી;
કહું શુ વાત હું મારી મહાદુખની અસર ચાખી. અરે૦
હજારો દાસને દાસી કરે સેવા સદા મારી;
હવે સેવા ઉઠાવું હું બીજાની હાથ શિર રાખી. અરે૦
કયહાં મારાં પિતા માતા કયહાં મારા સગાં વા'લાં;
કયહાં મારી સખી શાણી, મને શે તેં અમર રાખી? અરે૦
મરી હું કેમ ના જાઉં, જીવું શા માટ આ ઠામે ?
જીવીને શું હવે જોવું, ન દૈવે હાથ પર રાખો. અરે૦
૧ મારૂં કુળ બતાવીને, કરૂં હલકાઇ હું મારી;
તો એજ છે સારૂં, ભલે જાઓ ઉગર આખો. અરે૦

( ૧૭ )

પુષ્પ કોમળ શિરિષનાં ભૂમિ વિષે પથરઈ ગયાં,
ઘાસ રૂડું તેમ શોભે સ્થાન, તેથી ભરઈ ગયાં; પુ
ભૂમિ કરી જળ છાંટીને સુંદર ચળકતી શોભતી,
મરકત મણિ જળધાર પડવાથકી જયમ ધોવાઇ ગયાં; પુષ્પ.
ફૂલ આ બંધૂકકેરાં લાલ વેરાયાં બધે,
ઈંદ્રગોપ અનેક આવી જેમ અત્ર છવઈ ગયાં. પુષ્પ

( ૧૮ )

કલહંસ કરે સુખ કાન વિષે, સુણુ નૂપુરના છમકારમિષે;
તટ વૃક્ષની પાર મહેલ દીસે, સુખ દે ચખને પ્રિય તે અતિશે.
જલજાતસુગંધ બધે પસરે, સુખ નાક વિષે પણ ભારી ભરે;
જળસંગમથી ધરી શીતળતા, મરુતો શરીરે સુખને કરતા.

( ૧૯ )

કમળની શોભાને હરી લેતી, નિર્મળ સુખકર તનને;
દૃષ્ટિ જાણે વનદેવતાની, આનંદ આપે મનને;
દીર્ઘિકા એવો, શોભે આ અહીં કેવી.

( ૨૦ )

સુંદર સુંદરી કોણ હશે શું નાગ કન્યા કહિયે?
પાતાળેથી નીકળી આવી આ શું ધન્યા કહિયે?
ના ના તે તો મેં દીઠું, ત્યાં આવી અન્યા કહિયે?
આ તો જાણે દેવી રૂડી કોઇ વન્યા કહિયે,
વનદેવી પણ નોયે, જાણું છે સૌ કોયે,
મૂર્તિમંતી કૌમુદી શું? દિવસે દર્શન નોયે;
કમળ હાથમાં ધરી રહી; શું લક્ષ્મી દેવી હોયે!

· ત્રૈણ્ લોકમાં આવી ન મળે, શે જનજન્યા કહિયે ? સુંદર० ]

( ૨૧ )

એ ઠંડી અમારી નજરને કરે, તજી એને શું કોઇ જરને કરે ? એ०
એ જાણે સુધાકેરી વૃષ્ટિ કરી, કંઇ કાંઇ કામણુ એ નરને કરે. એ०
પયોધરથકી વસ્ત્ર કાંઇ ખસે, એ ભરતી તદા માનસરને કરે. એ०
શશિ જેવી કાંતિ રૂડી રાજતી, ધરેછે ધીમે કુંજવરને કરે. એ०
ન ખીડાય તે કેમ એ રીતથી, નવાઈ બધા દેહધરને કરે. એ०

( ૨૨ )

વેંલી ચાલ વેંલી ચાલ, ઇંદીવરી, વ્હેલી ચાલ.
ભમરાઓની પીડા ટાળ, આવી ખાળ્ય આંખે ભાળ્ય. વેંલી०
કમળ વનમાંથી નીકળી આવ્યા છે નિહાળ,
બીજું વન જે વિશાળ, રંગે લાલ, શોભે હાલ,
ત્યાં જતાં દેખી માલ, મારા કિધ આ હેવાલ. ભમરા०

( ૨૩ )

અયિ ભીરૂ ચિંતા, તજ, ભ્રમર લોભી રસતણા,
સુગંધોથી આવ્યા, મુખ કમળની ચોગમ ઘણા;
ઉડાડે તું ત્રાસી, કદી ચપળ નેત્રે ફરી ફરી,
તજે તોએ, તેઓ કમળવન, શોભા ક્ષ્મ કરી.

( ૨૪ )

આ તે કોણ હશે ? આ તે०
તો મનમાં વિચારૂં પણ કાંઇ ન દિસે ! આ તે०

વિશાળ ને બાહુ બે લાંબા
ખ જાણેચંદ્રમા મનમાં [illegible] શું તો०
મર છે વાંકી ને નેન રસાળાં [illegible]

મનમથ એ શકે હસે મુખથી. હું તો.

( ૨૫ )

મુખ બિડેલું કંટકાળું કમળકાનન તેહનું,
પાણી પલ્લવ શીતળ કોમળ મધુર આનન તેહનું. મુખ.
સ્પર્શ તેના થતા માંહે સુખ ઉપજે જે મને,
કરી શકે વર્ણન નહીં કદી ચતુરઆનન તેહનું. મુખ

( ૨૬ )

કમળ વનની શોભા, હરી ચાલી દિનશોભા;
પ્યારી મારી પણ તેને, જુગતે હરી ગઇ. ક.
સવિતાના બિંબમાં, જણાય છે વિવિધરંગ;
રંગરાગ તેવો મારા, મનમાં ભરી ગઇ. ક.
ચક્રવાક તળાવના, તીરપર સ્થિર રહ્યો;
પ્યારીને સંભારી તેમ, મને એ ધરી ગઈ. ક
ભુવનમાં અંધકાર, વ્યાપ્યો જેમ એકદમ;
મારા મનમાંહે અંધકાર એ કરી ગઇ.

( ૨૭ )

હાય ! દુઃખ શીદ દેછે આમ, કામ તું નિકામ !
દુર્લભ જનકેરી ઇચ્છા મેં રાખી,
કદીએ સખીને ન મન શકી દાખી,
પીડા અધિક રહી આપે હું ચાખી,
ઠરવાનો હરિ ! હવે મારે ક્યાંહાં ઠામ !

( ૨૮ )

પ્રિયતમ રાજા ! ધરોદયા મન,
ધરો દયા મન, કરો શીતળ તન. પ્રિય

સુંદર છોજી દયાળુ છો મનના,
તાપ નિવારો છો સહુ જનના;
હું છું તમારી તે, જાણો અગર જન. પ્રિયતમ૦

(૨૯)

ક્યહાં જઇ કહેવું, ક્યહાં જઇ રહેવું !
ક્યહાં સુધી આ દુઃખ મારે સહેવું ? ક્યહાં૦
નથી દોષ કોનો નથી નરપતિનો,
લખ્યું જે નસીબે સદા તે વહેવું !
સખીને કહું શું લાજઉં કહેતાં,
મળે તો ભલે મોત હાથે ગ્રહેવું. ક્યહાં૦

(૩૦)

શું તું છુપાવેછે હવે એ કાંતિવાળી કામની !
ભાખ ભાખ મુખે ભલું તું, ભ્રાંતિ ટાળી ભામની ! શું૦
તું જો ન કે તો શું થયું, આ અંગ તારાં કે' મને,
નિઃશ્વાસ ને ઉજાગરો, ચાલે સદા દિન જામની. શું૦
જેમ બાણુ ચાલે કામનાં, સુસવાટ કરતાં અંગપર,
તેવા નિસાસા તાહરા, પ્રીતિ કથે તે સ્વામની. શું૦
તું બોલતી મુખથી નથી, પણ અંગ તારાં કે' કથી,
અનુરાગની પીડા તને એ, નો'ય પીડા નામની. શું૦

(૩૧)

જો પામે વડાઈ કદી કોઇ વસ્તુ;
ન વસ્તુનું મા'તમ ગણો ત્યાં અગરનું. જો૦
એ મા'તમ છે મોટાતણા આશરાનું;
ન જો આશરો તો પને તેજ સસ્તું. ! જો૦

ધરે ધૂળ હાથી શિરે તેજ શોભે;
કહો કોનું માતમ ! કરીમુખ હરતું.

( ૩૨ )

નાટકશાળા, જોઇ વિશાળા, જ્યાં સુંદર શોભે બાળા;
સેનાના આસ્તંભ વિરાજે, રત્ન જડેલા રૂડા રાજે,
મોતીની માળાથી છાજે. નાટક
રાતા કાળા વચમાં ગાળા, પડદા રંગી આ બાજ્યા,
વૈમાનોમાં પરિયો જાણે, સુરની સાથે વૈભવ માણે;
એવી શોભા છે આ ટાણે. નાટક૦

( ૩૩ )

હું અંતઃપુર સંભાળું, કરદંડ ધરીને ચાલું,
ઝીણી નજરે ભાળું, કેવું છે મારૂં કામ;
પડતાં આખડતાં ખાળું, કરવા ના દેઉં કાળું,
આશ્રિત જનને પાળું, રાજાની પેઠ તમામ,
જે લે મારૂં નામ, તેને દેઉં આરામ;
રાજા પુરને સંભાળે, દંડનીતિ ધારી ચાલે,
જે લે તેનું નામ, તેને દે આરામ.
ઝીણી નજરે તે ભાળે, એ રીતે તમામ. હું૦

( ૩૪ )

સજ થઇ થઇ કામનીઓ ચાલી, જુઓ જુઓ અલબેલી
પગમાં ઝાંઝર છમ છમ બોલે કાને કુંડળ હીરાકણી.
ઝણઝણ કટિએ રશના ઝમકે, નાકે સુંદર છે નથની;
સેંથે સિંદૂર વાળે મોતી, કાંડે કંગણી વિધવિધની.
કંઠે હીરાહાર વિરાજે, એ વિધ આવે બનીઠની;

ોનાં પ્રરિજન પણ તેવાં, મુખ બોલે સજની! સજની! સજ૦

( ૩૫ )

ારિતાપના આજ એવો કરે, જે થનોતો શરીરે અગાડી;
ાજ સૂકાય ના ઓઠ નિઃશ્વાસથી, જેહ દેતો અંબરને બગાડી. ચંદ્ર૦
ૈની પેઠ સૂનું હૃદેના દિસે, અંગનીના ચપળતા ભગાડી;
ખ ઓછું દિસે મન મારૂં હિસે, જો કે વૃત્તિ પ્રિયામાં લગાડી. ચંદ્ર૦

( ૩૬ )

વીણા બજાવું સારી, પ્રદ્યોતને હસાવું;
તમામ મંડળીને, હું રંગમાં રસાવું. વીણા૦
હું રાગ તાન મારૂં, કસોટીમાં કસાવું;
આ રાજપુત્રી મારા, મહેલમાં વસાવું. વીણા૦
પડે પછાડા તેને, હું હાથ બે ઘસાવું;
અનેક દુશ્યોમનોને, હું નાગણો ડસાવું. વીણા૦

( ૩૭ )

વેષ શો નરેશનોજ! ધન્ય છે મનોરમા!
ઓળખું ન જોઉં રોજ, ધન્ય છે મનોરમા! વેષ૦
રૂપ એજ છે રસાળ, અંગ રંગ ગૌર એજ;
હાથી જેવી ચાલ એજ, જેથી ધ્રુજતી ક્ષમા. વેષ૦
મેઘ ગર્જના સમાન, શબ્દ એજ માન માન;
જપુત્રી ભૂલ ખાઈ, ભ્રાંતિમાં રખે ભમા. વેષ૦
બતાવી ચાતુરી, નૃપાળ સ્વાંગને ધરી;
ભ્રાંતિ થાયછે, પરંતુ દેવી ભૂલ મા. વેષ૦

( ૩૮ )

માનસ જવાને હવે ચાંચ, રાજહંસ આ ઝુઓ! જાણું૦

ઘન બંધનથી ગગનગતિ અટકી, નિજ ઘરપર મન થાય. જા
સાથે લેઈ સુંદરી એ જાશે પલકમાં, મુક્તા દેખીને મકલાય ! જા

( ૩૯ )

જુવોને વામ કામ !
એક મધુકરીને દુખ દેછે નિકામ: જુ૦
નેનશાં કમળમાંહે તેને ભૂલાવી,
નવા નવા રાગમાંહે રોળી છે રામ ! મ
પ્રિયદર્શન પ્રિય જોવાને ઇચ્છે,
બની છે અધીર હવે રે' નવ હામ ! મધુ૦

( ૪૦ )

હા!અહા ! શું ગાન કર્યું ! સુણતામાં ભાન હર્યું !
રાગ અને રાગણીમાં, રમ્ય તાલ માન ધર્યું ! અ
લંબિત ને મધ્ય દ્રુત, લય ત્રણે પ્રકારકેરો;
ગોપુચ્છ આદિ યતિ, ત્રણેનું તાન ભર્યું. અ
તત્વ અને ઓઘવિધિ, ત્રીજી છે ઘનની વિધિ;
ત્રૈણે એ વાદ્યવિધિ, તેનું છે પ્રમાણ વર્યું. અ

( ૪૧ )

શું ઝાકળનાં ટીપાં કમળપર હશે ?
શું તેથી શીતળતા વિશેષે વસે ! શું
ન ખીલે નિશામાં પ્રભાતે ખીલે તે,
કમળ ક્યાં રવિના વિના ખીલશે ?
કમળ નો'ય એ તો નકી એ થયું છે,
તદા શું શશી પાંચ નખમાં વસે ?
શશીનાં શિતળ કિર્ણું ખાળે મને આ,

પછી કોણ આને શશી માનશે ? શું૦
આહાં, એ દ્રવે છે સુધા પ્યારીકેરા,
કરેથા પરિસ્પંદકેરે મિષે. શું૦

( ૪૨ )

કમળ વિદ્રુમ પલ્લવ જેવા, તુજ કર સુંદરી શોભે તેવા;
કરથી મુજ હૃદય ચિંપે તેં, રાગ ધર્યો મનને સુખ દેવા. કો૦

( ૪૩ )

જુઓ જુઓ ભગવતી !
નથી મારે જાવું રે !
તમે રચ્યું છે કાંઇ નાટક તરેહવાર,
એવું તેવું જોઇ મારે નથી સુખ ખોવું રે. જુઓ૦

( ૪૪ )

કોપ તારો દાખે તું ધારી રે, પણ ચૂકે નજર નહિ મારી રે.
સ્નેહ ભર્યું જોતી આ દીશ, રાતા નેન જણાવે રીસ,
(તું) ભાખે છે મધુર ( પણ ) શકે ન પુરું ઉચ્ચારી કોપ૦
તારા નિસાસા અપાર, તું તે દાખે વારવાર,
( પણ ) સ્તનને ઉછાળે, ( તે ) ના કો નિહાળે, ઓ નારી ! કોપ૦

( ૪૫ )

જો જો ! ... ... જો જો ! ... ... દેવી મારું સાચું માન;
કી શમરે બાલ ચંદ્રને, એસા કરી ન મન હેરાન. જો જો૦
ફુલ જ્યમ ચંપે, વાયુ વાતાં કંપે,
ર ન તારો જંપે, માટે તજ તે ધ્યાન;
તન છે ભારી, નાજુક તારી, કટિનું કંઇ ધર ધ્યાન;
વિનોદ થાવા, તને રીઝાવા, કીધો એ નિદાન.

( ૪૬ )

બે પાસથી સંકટ થયું, મન મારૂં થૈ લંપટ વધ્યું;
ભય એક પાસેથી ભયું, ઉત્સુક બીજે પાસે લચ્યું. બે૦
દેવીતણું મુખ જોઉં છું, બીપણ લખી સુખ ખોઉં છું,
તેને દુ:ખે હું રોઉં છું, આંસું હું તેનાં લોઉં છું;
વાંકી ભમરવાળું થયું, પરિસ્વેદથી ભેદાઈ ગયું. બે૦
પ્યારી દિસે ત્રાસી જતી, જાણે વાઘથી હરિણી થતી,
હું જોઉં છું તેની રતિ, બે નેનની ચંચળ ગતિ;
મનમાં હરિ તેં શું ચહ્યું, આ કામ તો અટકી રહ્યું. બે૦

( ૪૭ )

મનોરથ કરવા, શું શું સુખ ભરવા, વહી ગયું સુખ વારિ રે, ગ
મનમાં વિચારૂં, સુખ સંભારૂ, ધીરજ ગઇ મારી હારી રે;
ભગવતી મારી! હું દુખિયારી, ઘાવ પડયા મને કારી રે. ભ૦

( ૪૮ )

ન જાણું હું, ન જાણું હું, પ્રિયા શી રીતથી રીઝે ?
જઉં શું માન મૂકીને, હસું શું તેથી ના ખીજે ? ન જાણું૦
જઈ અથવા ગળે વળગું, વદી મીઠું મીઠું મોઢા,
પ્રપંચી થઈ કરી રાજી અધરનું પાન શું પીજે ? ન જાણું૦
પગે લાગું જઈ અથવા, સખા ! બે હાથ જોડીને,
કહે શી રીતથી દેવી, રીઝાવી લાભને લીજે. ન જાણું

( ૪૯ )

તું પ્યારી કહે શાથી ઉભી થઈ ?
એકાએક તજી શે ગઈ ?
ન પ્યા: ડું થાવું તને,

અતિ અંગ નાજુકને શ્રમ દઇ. તું૦
કૃપાથી ન જોના ભણી તું જરા,
નિહાળે પ્રિયા મારી ! તરફી લઇ તું૦
કરે ઓશિયાળો તું શે તેહને ?
ધરી સભ્યતા ઠીક આદર દઈ. તું૦

( ૫૦ )

ા પ્રસન્ન મારી પ્યારી, શે હૃદય જલાવે જારી. થા૦
ચન ભાખે ન ગન દાખે, ધરી તું ધ્યાન શે રાખે.
.ડેછે છાની છાની તું. ભમર વાંકી કયાં પાખે;
મૂકેછે તું નિસાસા, ના અધર હાલે ન મુખ દાખે,
મને આં માર તું છાનો પ્રહારે છે દિલે આખે,
તુજ કોપ દિસેછે કારી; શે હૃદય જલાવે જારી . થ૦

( ૫૧ )

લઇ સેન ચઢયો ગૅરવીર વિજય સેનાની,
ધરી કરમાં બાણુકમાન ભલી મુલતાની. લઇ૦
જીત્યો જઇ ઝટપટ ભૂમિ કલિંગ રાજાની,
નવ કરી કરી દરકાર સેન ઝાઝાની,
કો.લામાં નાશી ભૂપ ભરાયો ઝટપટ,
ઘેરી લીધો ચોપાસ, બંધ કરી ખટપટ,
કંઈ હણ્યા વીર કરી દીન, ન ચાલી લટપટ;
બાકીનું સૈન્ય સંહારીજી,
શત્રુને બાંધી મારીજી,
કીર્તિનો વાસ પસારીજી;

આજ કાલ, હવે આવશે, ખબર લાવશે, સગાં વહાલ
ધરાં૦

( ૫૨ )

નૃપનાં કદી દર્શન નિત્ય બને, સુખ થાય તદા બહુ સેવકને
તત્ર દેશ જીતી, હણી શત્રુ બધે, નૃપને મળતાં સુખ કાં ન

( ૫૩ )

વિજયસેન સેનાપતિ આપના, કરી જીત આવ્યા મહાગાપના.
કલીંગેશના પ્રાણ તેણે હર્યા, અમારાય રાશિ પરિતાપના.
અમારા મહારાજને છોડવ્યા, દીધી ગાદી ટાળ્યા દિનો પાપના.
કરી સિદ્ધ આજ્ઞા બધાં આપની, ગયા સામટા વાયુ સંતાપના.

( ૫૪ )

ફળે ના અભિલાખ વાંકો વિધાતા,
વળે ક્યાંથી ધાર્યું ક્યહાં સુખશાતા. ફળે૦
કમળની કળી રસ ભરેલી નિહાળી,
ભ્રમર જાય પીવા થવા રંગ રાતા. ફળે૦
પડયું હીમ એવે કળી તે બળી ગઈ,
અરેરે અલિ ! આ સમે કોણ ત્રાતા ! ફળે

( ૫૫ )

આ તો ઝેર અંગ બધે વ્યાપી ગયું હાય દેવ !
ધાર્યું કૈંક ચિત્ત માંહી કૈંક થયું હાય દેવ ! આ
આંખ એ મીંચેછે બન્નો, આંધળી દિશા મહારે,
મનનું વિચાર્યું ર[illegible] રહ્યું હાય દેવ !

માહરૂં તમામ ! દુઃખ પૂરૂં લહ્યું હાય દૈવ ! આ તો૦
શ્વાસ આ રોકાય એનો, મુજને અંધારી આવે,
જ્ઞાન અને ભાનવારિ, મારૂં વહ્યું હાય દૈવ ! આ તો૦
વેષનો છે વેગ એને, એટલીજ વેદના છે,
દુઃખ તો તમામ એનું મેંજ સહ્યું હાય દૈવ ! આ તો૦

( ૫૬ )

રે શું કરવા તેં રાખી જુદાઈ,
બેની મારી, વહને પ્યારી, બેની મારી,
બેનતણી તેં ગણી ન સગાઇ,
બેની મારી, વહને પ્યારી, બેની મારી. રે૦
હાય ! રહી દાસીઓમાં સમાઇ,
મેં ભુંડીએ કીધી કૂડી કમાઇ ! બેની૦
માસીતણી જીંદગાનીનું ફળ આ, બેની૦
અપરાધણીએં મેં તોડ્યું અફળ આ, બેની૦
જન્મ કીધો માસાનો વિફળ આ, બેની૦
હાય ! અચાનક ગયું કરમાઇ. બેની૦

( ૫૭ )

ી દૃષ્ટિ એની, સ્થિર, નવ વદે સ્પષ્ટ મુખથી,
ઉભાં થાયે, નવ રહી શકે દેહ સુખથી;
ૃ કંપે કાયા, હૃદય ઉછળે સ્વેદની ઝરી,
ણાગે છે તેથી, અસર વિષની છે હજી જરી.

( ૫૮ )

ાયા, મનની પોહોચ

દઢવ્રતા કરી દઢ કાયા, રિદ્ધિ લેઈ તમામ.
થઈ ચૂક્યું છે પૂરું સૌનું કામ—
તેં પણ છોડી'તી માયા, દીમાગને ગમ !
તે પણ પ્રસન્ન થઈ જાયા, શાંતિની મળી છે છાયા,
કરી કૃપા એ જગરાયા, નિશ્ચલ આપે ધામ,
થઈ ચૂક્યું છે પૂરું સૌનું કામ—
પ્રિયદર્શિકા તુજ ગહેલી, પ્રીત છે તુજને જેની,
તેં મૂર્તિ દીઠી તેની, છતાંથી આ હામ,
થઈ ચૂક્યું છે પૂરું સૌનું કામ—
પ્રીતિ ગણો સૌ એનો, ભલા ઉપર આગ,
બળીગો ભામાનગોનું, ગણો માન તમામ,
સુખ શાંતિ સૌને આપો. કહો રૂડાં નામ,
થઈ ચૂક્યું છે પૂરું સૌનું કામ—